# સાબરકાંઠા જિલ્લાના પાલ-દઢવાવ ખાતે વીરાંજલી વનનું લોકાર્પણ

## રાજ્ય સરકાર ૧૦ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ સાકાર કરશે : "એક બાળ-એક ઝાડ"ના મંત્ર સાથે ગ્રીન ગુજરાન-ક્લીન ગુજરાતનો ધ્યેય સાર્થક કરીએ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૬૮માં વન મહોત્સવનો રાજ્ય પ્રારંભ કરાવતા જાહેર કર્યું કે,







ગુજરાતમાં દસ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ રાજ્ય સરકાર સાકાર કરશે. એક બાળ – એક ઝાડનો સંકલ્પ પાર પાડવા તેમણે જનસમૂહને આહવાન કર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તાર પાલ-દઢવાવમાં વીરાંજલી વનનો લોકાર્પણ કરી રાજયવ્યાપી વન મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વૃક્ષો-વનોથી ગ્લોબલ વોર્મિંગના તારણોપાય અને ક્લાયમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા રાજ્ય સરકારે જનજાગૃતિ જગાવી છે તેની વિશદ્ ભૂમિકા આપી હતી. તેમણે સૌર પવન, પાણી જેવા કુદરતી સંશાધનોનો વિનિયોગ કરીને તથા વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારીને પર્યાવરણ જતનની નેમ દર્શાવી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે રાજ્ય સરકારની કચેરીઓમાં સૌર ઉર્જાનો ઉપયોગ વ્યાપક બનાવવાની દિશામાં પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વન મહોત્સવ પ્રારંભ વેળાએ સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ આદિજાતિ ગામોમાં આરોગ્ય સુવિધા પહોંચાડવા ૧૨ પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ચાર કરોડ ૪૧ લાખના ખર્ચે અર્પણ કર્યા હતા.

રાજ્યના વન વિભાગમાં નવ નિયુક્તિ પામેલા વન કર્મીઓ બીટ ગાર્ડ એવા ૧૪૮૦ યુવક-યુવતિઓને તેમણે નિમણૂંક પત્રો અર્પણ કર્યા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉજ્જવલા યોજના અંતગર્ત આદિજાતિ બહેનોને ગેસ કીટ અર્પણ કરી હતી. તેમણે ગ્રીન ગુજરાત-કલીન ગુજરાતના નારા સાથે રાજ્યને હરિયાળું બનાવવામાં જનસહયોગની અપેક્ષા વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ તેમની સરકાર ગરીબો..વંચિતો.. શોષિતો.. પિડીતોની સરકાર છે તેની ભૂમિકા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આદીવાસી વિસ્તારની શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવાની સાથે સાત મેડીકલ કોલેજોની મંજુરી આ સરકારે આપી છે. આદીજાતીના બાળકને ડોકટરો બની આ વિસ્તારની સેવા કરવાની તક પૂરી પાડી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના અન્ય વિસ્તારોના વિકાસ સાથે આદિજાતિ વિસ્તાર પણ સમય સાથે વિકાસ પામે એવું નક્કર આયોજન કર્યું છે.

# ધાનેરામાં તબીબે યુવકને મારમારતા મામલો બીચક્યો

## વિશાલ રેલી યોજી મંગલ સામે કાર્યવાહી કરવા આવેદનપત્ર આપ્યું

ધાનેરામાં આવેલી મંગલ હોસ્પિટલના ડોકટર દ્વારા યુવકને



મારમારતા યુવકના પરિવારજનો દ્વારા ડો.મંગલ સહિત પાંચ લોકો સામે ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ દ્વારા ઢીલી નીતિ અપનાવી હોવાની રાડ સાથે આજે બ્રાહ્મણ સમાજ ૩૦૦ જેટલા લોકો ભેગા મળી રેલી યોજી ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ડોકટરની ધરપકડ કરવાની માંગ કરી છે.

ધાનેરામાં રહેતો ભાવેશ જોશી નામનો યુવક ધાનેરાની મંગલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સના ડ્રાયવર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે મંગલ હોસ્પિટલ ડોક્ટર સહિત અન્ય ચાર લોકોએ ભેગા મળી આ



યુવકેને હોસ્પિટલમાં બોલાવી ઢોર માર મારતા યુવકના પરિવારજનો દ્વારા ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસ દ્વારા ઢીલી નીતિ અને કલમમાં ઉમેરો ન કરતા ધાનેરામાં આજે બ્રાહ્મણ સમાજ એક થઈ વિશાળ રેલી યોજી હતી. આ રેલીમાં પુરુષોની સાથે સાથે મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી અને ફરિયાદની કલામોમાં ઉમેરો કરી તાત્કાલિક આરોપીઓને પકડી પડવાની માંગ કરી હતી.

તબીબ દ્વારા મારમારતા યુવક અત્યારે અમદાવાદ ની હોસ્પિટલ માં જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે તત્ર દવરા આ તબીબ સામે શુ પગલાં ભરવામાં આવે છે.

# ધનસુરામાં સિનિયર સિટિઝન ટ્રસ્ટ દ્વારા સિટિઝનોનો સન્માન સભારંભ યોજાયો

ધનસુરા, તા. ૧૫

અરવલ્લીના ધનસુરામા પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સિનિયર સિટિઝન ટ્રસ્ટ ધ્વારા સિટિઝનોનો સન્માન સભારંભ યોજાયો.

જેમા મોટી સંખ્યામાં સિનિયર સિટિઝનો ઉપસ્થિત રહયાં હતા. કટાર લેખક ડૉ સંતોષભાઈ દેવકર ઉપસ્થિત રહયાં હતા. ધનસુરા સિનિયર સિટિઝનની સ્થાપના વર્ષ ૨૦૦૧મા થઈ હતી એ સમયે ૧૦ સભ્યો હતા. હાલ ૪૦૦ સભ્યો છે.આ સિનિયર સિટિઝન ટ્રસ્ટ ધ્વારા આ રક્તદાન કેમ્પ, મોતીયાના ઓપરેશન, પ્રવાસ જેવા કાર્યો કરવામા આવે છે.

### અંબાજીમાં પણ કરોડો રૂપીયાનું ફુલેકુ ફેરવી ઉઠામણું કરી કરી જતી રહેલી

# ખેતેશ્વર કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની બ્રાંચમાંથી પોલીસે આજે કોમ્પ્યુટરો સહીત તમામ દસ્તાવેજો કબજે લીધા

રાજસ્થાનની ખેતેશ્ર્વર કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી એ ગુજરાત માં વિવિધ સ્થળો એ પોતાની બ્રાંચો ખોલી લોકો નાં કરોડો રૂપીયા લઈ ઉઠામણું કર્યા હોવાની ફરીયાદ વિવિધ પોલીસ સ્ટેશનો માં નોંધાયા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે .જીલ્લા પોલીસ વડા નિરજ બડગુજર ની રાહબરી હેઠળ બનાસકાંઠા માં પણ પાંચ જેટલાં સ્થળો એ થી પોલીસ ફરીયાદ કરાતાં બનાસકાંઠા પોલીસે પોતાની કાર્યવાહી નાં ભાગ સ્વરૂપે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેનાં પગલેં યાત્રાધામ અંબાજી માં પણ કરોડો રૂપીયા નું ફુલેકુ ફેરવી ઉઠામણું કરી તાળા બંધ કરી જતી રહેલી ખેતેકશ્ર્વર કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી ની બ્રાંચ માંથી પોલીસે આજે કોમ્પ્યુટરો સહીત તમામ દસ્તાવેજો કબજે લીધા છે. જેમાં પોલીસ ને ૪૭૦૦૦ રૂપીયા ની રોકડ રકમ પણ હાથ લાગી છે.




પોલીસે આ તમામ મુદ્દામાલ કબજે લઈ સોસાયટી નાં માલીકો જે રાજસ્થાનમાં સ્થાપીત થયેલાં છે. તેમની શોધખોળ હાથ ધરી છે. પોલીસે અંબાજી ઉપરાંત બનાસકાંઠા નાં પાલનપુર, ડીસા, વાવ, થરાદ સહીત ની બ્રાંચ ના પણ દસ્તાવેજો કબજે લઈ પ્રજા નાં પૈસા પરત મળે અને ગુન્હેગારો ને સજા મળે તે દિશા માં કાર્યવાહી કરી રહી હોવાનુ એ.એસ.પી અક્ષય રાજ( (આઈ.પી.એસ ૠ એ જણાવ્યુ હતુ. એટલુંજ નહીં અંબાજી બ્રાંચ નાં મેનેજર તરીકે કામ કરતાં રણવીરસીંઘ રાજપુરોહીત નાં પણ ૮ લાખ રૂપીયા ઉપર ની રકમ અટવાતાં તેને પણ પોલીસ ને સાથ સહકાર આપવાની વાત કરી રહ્યો છે.

# ધાનેરા-થરાદને જોડતા રોડ પર કોઝવે તૂટતાં વાહન વ્યવહાર અટવાયો

## રસ્તો બંધ થઈ જતા શાળાએ જતા શિક્ષકો વિદ્યાર્થીઓ તેમજ લોકોની અવર જવર બંધ

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા થી થરાદ ને જોડતા રોડ પર નો કોઝવે તૂટી જતા વાહન વ્યવહાર અટવાઈ જવા પામ્યો છે અને લોકો ભારે મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે ત્યારે તંત્ર હજુ સુધી ફરક્યું જ નથી.

બે વર્ષ અગાઉ ધાનેરા માં પુર ની સ્થિતિ સર્જાઈ હતી અને ધાનેરા થી થરાદ ને જોડતા રોડ પર બનાવમાં આવેલો પુલ તૂટી જવા પામ્યો હતો એ વાત ને આજે બે વર્ષ નો સમય વીત્યો છે છતાં પણ આ જગ્યા ઉપર નવો પુલ બનાવમાં નથી આવ્યો અને પુલ ની જગ્યાએ સામાન્ય કોઝવે બનાવમાં આવ્યો હતો ત્યારે



ઉપરવાસ માં ભારે વરસાદ ને લીધે ગતરાત્રે પાણી આવ્યું હતું અને પાણી ના લીધે કોઝવે તૂટી જતા ધાનેરા થરાદ નો વાહન વ્યવહાર અટવાઈ જવા પામ્યો છે ત્યારે લોકો ને અવર જવર બંધ થઈ જતા લોકો ભારે મુશ્કેલી નો સમનો કરી રહ્યા છે.

તંત્ર એલર્ટ રહેવાની મોટી મોટી વાત કરી રહી છે ત્યારે ધાનેરા થી થરાદ જોડતા રોડ પર નો કોઝવે તૂટી જવા પામ્યો છે અને લોકો ના ટોળેટોળા જોવા માટે ઉમટી છતાં પણ હજુ સુધી તંત્ર ફરક્યું જ નથી આ ઘટના જ બતાવી રહી છે કે ધાનેરા નું તંત્ર કેટલું એલર્ટ છે.

# તલોદ ખાતે ચોરી કરીને ભાગતાં બે તસ્કરો મુદ્દામાલ સાથે તલોદ પોલીસે પકડ્યા

## ફુલ પાંચ લાખનાં મુદ્દામાલ સાથે બેની અટકાયત : તાજેતરમાં થયેલ ત્રણ ઘરફોડ ચોરીની પણ કબુલાત

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાનાં તલોદ ખાતેભર બપોરે સર્વોદય સોસાયટી માં બધ મકાનમાંમકાનનાંતાળાંતોડી મકાન



માંથી રોકડ રકમ સહિત દાગીનાની ચોરી કરી ભાંગતા બેઈસમો ને પોલિસે રંગેહાથે પકડાયાં હતાં.

તલોદ ખાતે તાજેતરમાંજ બપોર ના સમયે ઘરફોડ ચોરીઓમાં એક પછી એક વધારો થતાં અને તલોદ માં છેલ્લાં ત્રણ દિવસ થી ભર બપોરે અલગ-અલગ વિસ્તારોમાંથી ઘરફોડ ચોરીઓ ના બનાવો વધતાં તલોદ પોલિસ પીએસાઇ એમ.કે. ખાંટ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી દિવસ દરમ્યાન સઘન પેટ્રોલીંગ ચાલું કરતાં તે દરમ્યાન પો.કો અમૃતભાઈ તથા પો.કો મહેશભાઈ, ધર્મેશભાઈ , પ્રવિણ સિંહ આજે તલોદ ખાતે આવેલ દરજીવાડી પાછળ સર્વોદય સોસાયટીમાં રહેતાં સુરેશભાઈ નારણભાઈ પ્રજાપતિ ને ત્યાંથી ઘરમાથી ચોરી કરી મોટર સાઈકલ ઉપર બે શકમંદો નિકળતાં પેટ્રોલિંગ કરી રહેલ પોલીસ ને શંક જતાં પુછપરછ કરતાં અને તેવોના થેલામાં તપાસ કરતાં થેલામાંથી રોકડ રકમ સાડા ચાર લાખ તથા ચાંદીના દાગીના જેની કિંમત -૩૦૦૦ તથા સોનાની વીંટી જેની કિંમત- ૧૫૦૦૦ મળી એક મોટર જેની કિંમત- ૩૨૦૦૦ મળી કુલ પાંચ લાખ નો મુદ્દામાલ સાથે બેની અટકાય કરી હતી જ્યારે મકાન માલિક સુરેશભાઈ નારણભાઈ પ્રજાપતિ ની ફરીયાદ ના આધારે ગુનો નોંધી આગળ ની તપાસ હાથધરી હતી જેમાં તલોદ ખાતે બપોર ના સમયે થયેલ તાજેતરનાં ગુનાઓ માં ત્રણ ઘરફોડ ચોરી તથા એક સાદી ચોરી ની પણ કબુલાત કરી હતી જયારે ચોરી ના મુદ્દામાલ સાથે પકડાયેલા બન્ને ભાઈઓ જેમા (૧) ઈમરાનખાન દિલાવરખાન ગોરી ઉ.વર્ષ- ૨૫ (૨) આલમખાન દિલાવરખાન ગોરી ઉ.વર્ષ- ૩૩ બન્ને રહે અમદાવાદ નજરપાર્ક સોસાયટી બન્ને ની તલોદ પોલીસે અટકાય કરી છે.

# ભિલોડામાં પીવાના પાણીની ટાંકીઓ અને સંપનું ખાતમુર્હુત

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારમાં પીવાના પાણીની ટાંકીઓ અને સંપનું ખાતમુર્હુત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી અને ગ્રામ પંચાયતના સભ્યો ધ્વારા કરાયું હતું.ભિલોડા ગ્રામ પંચાયતના મતવિસ્તારના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગામેતી, ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, પુર્વ સરપંચ મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી અને ગ્રામ પંચાયતના સભ્યોના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય સરકારની પાણી પુરવઠા યોજના અંતર્ગત રૂા.૫ કરોડ ૧૭ લાખ સીવીલ વર્ક અને ૪ કરોડ ૮૬ લાખ મીકેનલ કામ અર્થે ગ્રાન્ટ ફળવાઈ છે.

ભિલોડામાં ૬૫ કિ.મી.પીવાના પાણીની પાઈપ લાઈન છે. નવા ભવનાથમાં પીવાના પાણીની ટાંકી ૧.૫૦ લાખ લીટર અને સંપ રૂા.૩.૫૦ લાખ લીટર છે. આઈ.ટી.આઈ. પાસે પીવાના પાણીની ટાંકી ૨ લાખ લીટર છે. નવા વસવાટમાં સંપ ૫ લાખ લીટર છે. ભિલોડા ગામતળમાં પીવાના પાણીની ટાંકી



૧.૫૦ લાખ લીટર છે. તિરૂપતી સોસાયટીમાં પીવાના પાણીની ટાંકી ૨ લાખ લીટર અને સંપ ૩.૫૦ લાખ લીટર છે. ચંદ્રપુરી સોસાયટીમાં પીવાના પાણીની ટાંકી ૧.૫૦ લાખ લીટર અને સંપ ૨.૫૦ લાખ લીટર છે. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા ટુંક સમયમાં હલ થશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, મુકેશભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, રામસિંઘભાઈ ઓડ, પ્રકાશભાઈ સડાત, યોગેશભાઈ બુધ્ધ, મહેન્દ્રસિંહ રાઠોડ, વિક્રમભાઈ ઠાકોર, હરેશભાઈ પંચાલ, પુષ્કરભાઈ શાહ, શંકરલાલ પટેલ, પી.બી.ભોઈ ઉપસ્થિત રહ્યા હતા.